મોરબી મહાનગરપિલકાના જુદા જુદા વિભાગો માટે ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે નીચે મુજબની જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ મોરબી મહાનગરપિલકા કચેરીએ સ્પીડ પોસ્ટના માધ્યમ થી જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.

| અ.નં. | જગ્યાની વિગત | લાયકાત | અનુભવ | સંખ્યા | પગાર માસીક (ફિક્સ) |
|---|---|---|---|---|---|
| 1 | સિવિલ ઈજનેર | ડિપ્લોમા ઇન સિવિલ એન્જીનીયરીંગ | ૩ વર્ષનો અનુભવ | 4 | ૩૦૦૦૦ |
| 2 | રીકવરી ઓફિસર(પ્રો.ટેક્સ) | B.COM/M.COM | વેરા વસૂલાત અંગેની કામગીરી નો ૨ વર્ષનો અનુભવ | 4 | ૨૦૦૦૦ |
| ૩ | વ્યવસાય વેરા અધિકારી | B.COM/M.COM | વેરા વસૂલાત અંગેની કામગીરી નો 3 વર્ષનો અનુભવ | 1 | ૨૫૦૦૦ |
| ૪ | જન સંપર્ક અધિકારી(PRO) | (૧) જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનમાં અનુસ્નાતક<br>અથવા<br>(૨) જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનમાં સ્નાતક<br>અથવા<br>(૩) જર્નાલિઝમ અને માસ કોમ્યુનિકેશનમાં અનુસ્નાતક ડિપ્લોમા | ૨ વર્ષનો અનુભવ(કોમ્પ્યુટર અને ટાઈપીંગના જાણકારને પ્રાધાન્ય આપવામાં આવશે. | 1 | ૨૫૦૦૦ |
| | | સરવાળો | | 10 | |

**શરતો :-**

(૧) લાયકાત ધરાવતા અને ઈચ્છુક તમામ ઉમેદવારોએ પોતાની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.-૩૦-૦૭-૨૦૨૫ના સમય સાંજના ૬:૦૦ વાગ્યા સુધીમાં ડેપ્યુટી કમિશનરશ્રી(વહીવટ), મોરબી મહાનગરપાલિકા, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે ફક્ત સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર પોસ્ટથી મોકલવાની રહેશે.દરેક ઉમેદવારે કવર/પરબીડીયા ઉપર પોતાનું નામ, મોબાઈલ નંબર અને e-mail id અને જે તે પોસ્ટ/જગ્યાનું નામ લખવાનું રહેશે.

૨) ઉમેદવારે પોતાની અરજી સાથે બાયોડેટા, શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, શાળા છોડયા અંગેનુ પ્રમાણપત્ર અથવા જન્મનો દાખલો, અનુભવ અંગેના પ્રમાણપત્રો(જો લાગુ પડે તો), તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો જેવા ડોક્યુમેન્ટ ની સ્વપ્રમાણીત નકલ અરજી સાથે રજૂ કરવાની રહેશે.

(૩) ઈન્ટરવ્યુ માટેની તારીખ અને સમયની જાણ E-Mail અને WhatsApp ના માધ્યમથી કરવામાં આવશે. ઈન્ટરવ્યુ મોરબી મહાનગરપાલિકા-મોરબી, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે રાખવામાં આવેલ છે.

(૪) તમામ ઉમેદવારોએ અરજીમાં પોતાનો મોબાઈલ નંબર અને ઈમેલ આઈ.ડી. અચુક લખવાનું રહેશે. ઈન્ટરવ્યુ અંગેની જાણ watsapp અથવા Emall દ્વારા જ કરવામાં આવશે. અન્ય કોઈપણ પ્રકારે જાણ કરવામાં આવશે નહી.જો ઉમેદવાર હાજર નહી રહે તો કોઈપણ સંજોગોમાં બીજો સમય આપવામાં આવશે નહી અને તેમની ઉમેદવારી અંગે કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) ફિક્સ પગાર સિવાય અન્ય પગાર કે ભથ્થા કે સરકારી લાભ મળવાપાત્ર રહેશે નહી.

(૬) મોરબી મહાનગરપાલિકા, ગાંધી ચોક, મોરબી-૩૬૩૬૪૧ તા.જી.મોરબી ખાતે ઈન્ટરવ્યુ સમયે ઉમેદવારોએ સ્વખર્ચે અને પોતાના જોખમે હાજર રહેવાનું રહેશે. તથા ઈન્ટરવ્યુ સમયે તમામ અસલ પ્રમાણપત્રો લાવવાના રહેશે.

(૭) સદરહું ભરતી તદન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત રહેશે.

(૮) ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા મૌખિક રૂબરૂ ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે. કોઈપણ પ્રકારની ભલામણ સ્વીકારવામાં આવશે નહી. આવું કરનાર ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે તેમજ ઉમેદવારની પસંદગી અંગેની તમામ સત્તા કમિશનરશ્રી, મોરબી મહાનગરપાલિકાને અબાધીત રહેશે. જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી.

(૯) આ બાબતે ન્યાય ક્ષેત્ર મોરબી રહેશે.

(૧૦) નિયત સમયમર્યાદા બાદ આવેલ કોઈ પણ અરજી દફતરે (અમાન્ય) કરવામાંઆવશે

(૧૧) ઉમેદવારની નિમણુક બાબતે મહાનગરપાલિકાએ લીધેલ નિર્ણય સર્વેને બંધનકર્તા રહેશે.

(૧૨) કોઈપણ ઉમેદવારની અરજી મજુર કે ના મજુર કરવાના સવે હક્ક કમિશનરશ્રી મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

(૧૩) જો કોઈપણ સંવર્ગમાં ૩૦૦ થી વધુ અરજીઓ આવશે તો સંબંધિત લાયકાતની ડીગ્રીની ટકાવારી ધ્યાને લઈ મેરીટ બનાવવામાં આવશે અને તેના આધારે ૩૦૦ અરજીઓ સુધીના ઉમેદવારોને જ ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવશે. જે નિર્ણય તમામ ઉમેદવારોને બંધન કર્તા રહેશે.

(કુલદીપસિંહ વાળા,GAS)
નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

Signature Not Verified
Signed by:Kuldipsinh Vala
Deputy Commissioner
Date:2025.07.16
16:43:21 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign